અરવલ્લી જીલ્લાને ગુજરાત સરકારની બજેટમાં ગિફ્ટ

# જીલ્લામાં સિવિલ પછી મેડિકલ કોલેજ સ્થાપના થશે, આરોગ્યલક્ષી સેવાઓ વધુ સુદ્રઢ થશે

મોડાસા, તા. ૨૫

ગુજરાત રાજ્યની ૧૫મી વિધાનસભાનું પ્રથમ બજેટ રજુ કરવામાં આવ્યું હતું જેમાં અરવલ્લી જીલ્લામાં મેડિકલ કોલેજની સ્થાપના કરવાની જાહેરાત થતા જીલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો મોડાસા શહેરમાં જીલ્લા સેવાસદન નજીક ૧૨૧ કરોડના ખર્ચ સિવિલ હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે ત્યારે જીલ્લામાં મેડિકલ કોલેજની સ્થાપના પછી આરોગ્યલક્ષી સેવાઓમાં વધારો થશે વાત્રક જનરલ હોસ્પિટલમાં કે પછી મોડાસા શહેરમાં નવ નિર્માણ પામતી સિવિલ હોસ્પિટલમાં મેડિકલ કોલેજ સ્થાપવામાં આવશેની ચર્ચા જામી છે

કોરોનાની મહામારીમાં જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હોવાની સાથે સમયસર સારવાર ન મળતા અનેક લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો વર્ષોથી બજેટમાં સિવિલ હોસ્પિટલની જાહેરાત પછી બજેટ ફાળવણી પણ થઈ ગઈ હતી પરંતુ સિવિલ હોસ્પિટલ માટે જમીન મામલે ઘાંચ પડ્યા પછી જમીન વિવાદ ઉકેલાયો હતો અને ૧૨૧ કરોડના ખર્ચે ૧૨૫ બેડ ધરાવતી અદ્યતન સિવિલનું નિર્માણ પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે જીલ્લામાં મેડિકલ કોલેજની સ્થાપનાની જાહેરાત થતા લોકોમાં આનંદ છવાયો હતો. રાજ્ય સરકારે અંતરિયાળ વિસ્તારના લોકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ અંગે બજેટમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથોસાથ રેફરલ અને સુપર સ્પેશિયાલિટી સુધીની આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવા માટે અરવલ્લી, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગ ખાતે નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવશેની જાહેરાત કરી છે

ભોળા આદિવાસીઓને ભટકાવવાની ભૂગર્ભ પ્રવૃત્તિ શરુ, તંત્ર અજાણ

# ખેડબ્રહ્મા તાલુકાના મંજીપુરામાં વટાળ પ્રવૃત્તિ સાથે બંધાતા ચર્ચનો હિન્દુ સંગઠનો દ્વારા ઉગ્રવિરોધ

પ્રાર્થના સભાના નામે ધર્મ પરીવર્તન કરાવવાની ખ્રિસ્તી મિશનરીઓની મેલી મુરાદ : ચર્ચનું બાંધકામ રોકવા માટે આદિવાસી હિતરક્ષા સમિતિએ મોરચો માંડ્યો



બાયડ, તા.૨૫

ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ભૂગર્ભમાં વટાળ પ્રવૃત્તિ ચલાવાતી હોવાની ચર્ચા વચ્ચે મંજીપુરા ગામે પૂર્વ મંજૂરી વગર બંધાઈ રહેલી ખ્રિસ્તી મિશનરીનો આદિવાસી હિતરક્ષા સમિતિએ વિરોધ કરી મોરચો માંડ્યો છે અને આ વિસ્તારમાં ભોળા આદિવાસીઓને ભટકાવવાની પ્રવૃત્તિના ભાગરુપે ચર્ચનું નિમાર્ણ થઈ રહ્યું છે તે તાત્કાલિક રીતે બંધ કરાવવા ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. અંતરીયાળ મંજીપુરામાં ચર્ચ મુદ્દે વિરોધ કરવા આદિવાસી હિતરક્ષા સમિતિના કાર્યકરો ઉમટતાં હલચલ મચી ગઈ છે. જ્યારે વટાળ પ્રવૃત્તિના ભોગ બન્યા હોય તેવા કેટલાક લોકો આદિવાસી હિતરક્ષા સમિતિને જોઈને ફરાર થયાનું પણ જાણવા મળ્યું છે. આદિવાસી પરિવારોને લોભ અને લાલચ આપી સનાતન ધર્મથી ભટકાવવામાં ખ્રિસ્તી મિશનરીઓ તંત્રની આંખમાં ધૂળ નાખી ધર્મ પરીવર્તન કરાવવામાં સફળ થઈ જતી હોય છે. ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ ખ્રિસ્તી મિશનરીઓનો પ્રભાવ નજર અંદાજ કરી શકાય તેવો નથી ત્યાં ખેડબ્રહ્માના મંજીપુરામાં થોડાક સમય અગાઉ દિલીપ વસતાભાઈ સોલંકીએ હિન્દુ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મ અપનાવી લેતાં જે તે સમયે અન્ય આદિવાસી પરિવારોમાં સન્નાટો મચી ગયો હતો. ગેરકાયદેસર રીતે ધર્મ પરીવર્તન કરાવવામાં ખ્રિસ્તી મિશનરીઓ સફળ થયા પછી હવે ગામની સરકારી પડતર જમીનમાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચનું બાંધકામ શરુ કરવામાં આવતાં આદિવાસી હિતરક્ષા સેના અને અન્ય હિન્દુ સંગઠનોમાં જબ્બર આક્રોશ જોવા મળ્યો. તા.૨૨ના રોજ આદિવાસી હિતરક્ષા સેનાના કાર્યકરો એકઠા થયા હતા અને જ્યાં ગેરકાયદેસર રીતે ચર્ચનું નિર્માણ ચાલી રહ્યું છે ત્યાં જઈ વિરોધ સાથે સૂત્રોચ્ચાર કરતાં સમગ્ર પંથકમાં હલચલ મચી ગઈ છે. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા જો વટાળ પ્રવૃત્તિ ચાલતી હોય અને અટકાવવામાં નહીં આવે તો આ વિસ્તારમાં સ્થિતિ વણસે તેવી પૂરેપૂરી સંભાવના વ્યક્ત થઈ છે.

### આ અંગે તપાસ થશે – જિલ્લા કલેક્ટર

સાબરકાંઠા કલેક્ટર હિતેષ કોયાનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે ખેડબ્રહ્મા તાલુકામાં ગેરકાયદેસર ચર્ચનાં બાંધકામ અને વટાળ પ્રવૃત્તિ અંગે જાણકરી મળી નથી પરંતુ આ અંગે ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને તાકીદ કરી વિગતો મેળવાશે.

### જાતિ-જાતિ વચ્ચે વયમનસ્ય ઉભું કરવાનું સાંખી નહીં લેવાય - સમિતિ પ્રમુખ

આદિવાસી હિતરક્ષા સમિતિના પ્રમુખ રુમાલ ધ્રાંગી(રહે.માલવાસ)એ આક્રોશ સાથે જણાવેલ કે મંજીપુરા ઉપરાંત ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાના ગામોમાં ગેરકાયદે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ચર્ચ ઉભાં થઈ રહ્યાં છે અને તેના દ્વારા પ્રાર્થના સભાના નામે ફાધરો અને પાસ્ટર દ્વારા ધર્મ પરીવર્તનની સાજીશ રચાઈ હોય તેવું અમને જાણવા મળ્યું છે અને તાત્કાલિક ચર્ચનું બાંધકામ અટકાવવા અને ધર્મ પરીવર્તન થયું છે કે કેમ ?? તેની તપાસ કરવા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યાનું જણાવ્યું છે.

### આદિવાસી પરિવારોને વટલાવવાનો પ્રયાસ

આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે કે ગેરકાયદે ચર્ચ બાંધી જનજાતિ તાલુકાઓમાં ખ્રિસ્તી ધર્મની વટાળ પ્રવૃત્તિ કરી ભલાભોળા જનજાતિબંધુઓને વટલાવવાનો આ પ્રયાસ છે. ખેડબ્રહ્મા તાલુકાના મંજીપુરા(વરતોલ), પઢારા, કોદરીયા, ધ્રોઈ, પોણેઈ સહિતના ગામોમાં ગેરકાયદેસર ચર્ચનું બાંધકામ કરવામાં આવ્યું છે અને તેની પરવાનગી સક્ષમ અધિકારી પાસે લેવામાં આવતી નથી. જનજાતિબંધુઓને શામ, દામ, દંડ, ભેદની નીતિથી લલચાવી ફોસલાવી ધર્માંતરીત કરવાનો આ કારસો હોવાનો પણ આરોપ લાગ્યો છે.

# તલોદ દેસાઈ નગર વિસ્તારમાં પાણીની ટાંકીનું ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે લોકાર્પણ



તલોદ તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા ના તલોદ ખાતે દેસાઈ નગર વિસ્તાર માં જુની જર્જરિત પાણીની ટાંકી તોડી નવીન બનાવેલ પાણીની ટાંકી નું લોકાર્પણ ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર ના હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે તલોદ નગર પાલિકા પ્રમુખ દક્ષાબા ઝાલા,ઉપ પ્રમુખ રૂતુલ પટેલ પાણી પુરવઠા સમિતિ ના ચેરમેન બાબુ ભાઈ પટેલ ટાઉન પ્લાનિંગ કમિટી ના ચેરમેન દીપા બેન કુવાડિયા , નગરપાલિકા ચીફ ઓફિસર હિરેન સોલંકી તલોદ નગરપાલિકાના કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમારે જણાવ્યું હતું કે છેલ્લા અઢી વર્ષ ના કોરોનાકાળ હોવા છતાં ભાજપ શાસિત તલોદ નગરપાલિકા દ્વારા અવિરત વિકાસ કાર્યો થઈ રહ્યાં છે તે બદલ નગરપાલીકા ના પદાધિકારી ગણ ને અભીનંદન પાઠવ્યા હતા દેસાઈ નગર વિસ્તાર માં જુની પાણીની ટાંકી તોડી નવિન છ લાખ લીટર ની કેપિસિટી વાળી પાણી ની ટાંકી બનતા આ વિસ્તારની વર્ષોજૂની પીવાના પાણીની સમસ્યાનો અંત આવશે. તલોદ નગરપાલીકા ના ઉપપ્રમુખ ઋતુલ પટેલે જણાવ્યુ હતું અત્યારે હાલ સુભાષ ચોક ટાવર થી માતાજીના ચોક સુધી રોડ ની બંને સાઈડ માં સો મીટર જેટલો રોડ પહોળો બનાવવાનું કામ પ્રગતિ માં છે તેમજ રોડ ની બંને બાજુ ગટર નું કામ પુર્ણ કરેલ છે ત્યારબાદ દુકાનો સુધી પેવર બ્લોક નાખી તલોદ બજાર કચરા મૂક્ત તેમજ ડસ્ટ રહિત બજાર બનાવવાનું નગરપાલીકા નુ આયોજન હોવાનુ જણાવ્યું હતું બજારમાં ચાલતી રોડની કામગીરીના કારણે ટ્રાફિક સમસ્યા માં પડતી તકલીફ માં પ્રજાને સહયોગ આપવા અપીલ કરી હતી . ચીફ ઓફિસર હિરેન સોલંકી એ જણાવ્યું હતું કે તલોદ દેસાઈ નગર વિસ્તાર માં સાઈઠ લાખ રૂપિયા ના ખર્ચે છ લાખ લીટર પાણીની કેપિસીટી વાળી ટાંકીનું આંજે લોકાર્પણ કરવામાં આવ્યું છે તેમજ પાણી ના આયોજન અંગે રાજ્ય સરકાર દ્વારા ૯.૮૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે જેમાં પોયડા તેમજ સન્માન સોસાયટી વિસ્તારમાં છ લાખ લીટર પાણીની ટાંકી, તથા માધવ વિહાર સોસાયટી વિસ્તાર માં દસ લાખ લીટર પાણીની ટાંકી બનાવવાનું તબક્કા વાર આયોજન કરાયું છે તલોદ નગર પાલિકા વિસ્તાર માં રોડ ની કામગીરી ઉપરાંત રેલવે ઓવર બ્રિજ ની કામગીરી પૂર્ણ થયેથી ટ્રાફિક ની સમસ્યા હલ થશે

# પ્રાંતિજ સહિત તાલુકામાં બેવડી ઋતુને લઈને વાયરલ કેસોમા વધારો

**શરદી, ઉધરસ, તાવ, શરીરનો દુખાવો સહિતના વાયરલ કેસોમાં વધારો : કેસો વધતા સિવિલ સહિતના હોસ્પિટલો ઉભરાયા : ઘરે ઘરે વાયરલ કેસો વધ્યા દવાનો છંટાવ કરવા માગ**

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા હાલ ધરે ધરે તાવ , શરદી ,ઉધરસ , માથાનોદુખાવો, શરીર નો દુખાવો જેવા વાયરલ કેસોમા નોંધપાત્ર વધારો થતા સરકારી અને ખાનગી હોસ્પિટલોમા દર્દીઓનો ધસારો જોવા મળી રહેછે



હાલ બેવડી ઋતુ ને લઈ ને શરદી , ઉધરસ , તાવ ના વાયરલ કેસો મા નોંધપાત્ર વધારો જોવા મલ્યો છે તે વચ્ચે હાલ પ્રાંતિજ સહિત તાલુકા મા એકાએક ધરે ધરે વાયરલ કેસો ને લઈ ને માંદગીના ખાટલા જોવા મળતા આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા લોકમાંગણી ઉઠવા પામી છે અને હાલ વાયરલ ઈન્ફેક્શન તાવ , શરદી , માથાના નો દુખાવો , ઉધરસ , શરીર નો દુખાવો જેવા કેસોમા સતત વધારો થયો છે અને જયા જુઓ ત્યા દવાખાનાઓમા દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે અને ધરે ધરે માંદગીના ખાટલા જોવા મલે છે ત્યારે હાલ બપોરે ગરમી નુ પ્રમાણ વધતા અને રાત્રીના ઠંડી નુ પ્રમાણ વધતા લોકો ડબલ ઋતુઓનો અહેસાસ કરી રહ્યા છે ત્યારે લોકો મા ભંય પણ જોવા મળી રહ્યો છે તો દવાનો છટાવ કરવામાગ પણ ઉઠવા પામી છે.

# ભિલોડામાં કુમાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓને તિથી-ભોજન અપાયું

**વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી**

ભિલોડા,તા.૨૫

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત કુમાર છાત્રાલયમાં વિધાર્થીઓને તિથી - ભોજન અપાયું હતું.ભિલોડા તાલુકાના પુર્વ :- પીઠ રાજકીય , સહકારી અને સામાજીક આગેવાન , પૂર્વ પ્રમુખ :- ભિલોડા તાલુકા પંચાયત, પૂર્વ સરપંચ : ભિલોડા ગ્રામ પંચાયત / સ્વ. ચીમનલાલ પી. ત્રિવેદી ની ૭૯ મી જન્મ - તિથી નિમિત્તે વિધાર્થીઓને તિથી - ભોજન અપાયું હતું.અમિતભાઈ અને કલ્પેશભાઈ ત્રિવેદી સેવાભાવી પરીવાર તરફથી વિધાર્થીઓને તિથી ભોજન અપાયું હતું.વિધાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા જન સેવા સંઘના ટ્રસ્ટી મંડળના સંચાલકો ગિરીશભાઈ ઉપાધ્યાય,



રોહિતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, હર્ષદભાઈ ત્રિવેદી સહિત સામાજીક કાર્યકરો દિપકભાઈ ત્રિવેદી, સમીરભાઈ પંડયા, પ્રતિકભાઈ પંડયા સહિત કુમાર છાત્રાલયના રેક્ટર અરવિંદભાઈ સી. પારધી, સ્ટાફ પરીવાર અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સમગ્ર શિક્ષા સાબરકાંઠા દ્વારા સ્કૂલ સેફ્ટી એન્ડ સિક્યુરિટી ફોર ફોકલ ટીચર માટે ટ્રેનિંગનું આયોજન

બાયડ, તા. ૨૫

સમગ્ર શિક્ષા સાબરકાંઠા દ્વારા સ્કૂલ સેફ્ટી એન્ડ સિક્યુરિટી ફોર ફોકલ ટીચર માટે ટ્રેનિંગનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કરવામાં આવ્યું જેમાં જિલ્લામાંથી ૧૦૦ ફોકલ ટીચર શિક્ષકને તાલીમ આપવામાં આવી જેમાં તજજ્ઞ તરીકે સોલંકી મેહુલભાઈ, આચાર્ય જ્યોતિકાબેન, પટેલ ભુપેન્દ્રભાઈ અને પટેલ નિલેશભાઈ દ્વારા સમગ્ર તાલીમ ની સમજ આપવામાં આવી





આ પ્રસંગે ડાઈટના પ્રચાર્યશ્રી કે.ટી. પુરાણીયા ડાયટ ના લેક્ચરર શ્રી અશ્વિનભાઈ પટેલએ સ્કૂલ સેફ્ટી વિશે સારું એવું માર્ગદર્શન આપ્યું તાલીમના બીજા સેશનમાં નગરપાલિકા ઈડર દ્વારા ફાયર સ્ટેશનના મિત્રો દ્વારા આકસ્મિક બનાવો સમયે રાખવાની સાવચેતી વિશે વિવિધ પ્રકારના ડેમો આપવામાં આવ્યા જેમાં ઘરમાં લાગતી આકસ્મિક આગ આકસ્મિક સમયે લિફ્ટિંગ ની વ્યવસ્થા જેવી અનેક બાબતો એ ડેમો દ્વારા વિવિધ બાબતોની સમજ આપી આ તાલીમ દ્વારા શાળાઓમાં આકસ્મિક સમય કેવા પગલાં ભરવા જોઈએ તે બાબતે શિક્ષકોને જાગૃત કરી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર તાલીમ માનનીય જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સાહેબ શ્રી હર્ષદભાઈ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા સાબરકાંઠા દ્વારા યોજવામાં આવી જેમાં જીઆઈડીએમ શાખા ગાંધીનગરથી ચિંતનભાઈ પાઠક સમગ્ર શિક્ષા ગાંધીનગરથી અતુલભાઈ પંચાલ સમગ્ર શિક્ષા સાબરકાંઠા વતી શૈલેષભાઈ વ્યાસ ઉપસ્થિતિમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ તેમજ સમગ્ર તાલીમનું સંચાલન અને આયોજન આરીફભાઈ મન્સૂરી બીઆરસી કોર્ડીનેટર ઈડર દ્વારા કરવામાં આવ્યું તાલીમમાં જરૂરી સહયોગ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડરના સિનિયર લેક્ચરર શ્રી મદનસિંહ અને અશ્વિનભાઈ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

માતાએ ઘર કામ માટે ઠપકો આપતા ૧૬ વર્ષની સગીરા ઘર છોડી નીકળી જતા....

# અભયમ ટીમે સમજાવી પરિવાર સાથે મિલન કરાવ્યું

મોડાસા, તા. ૨૫

હાલના સમયમાં સામાન્ય વાતચીતમાં બાળકો ન કરવાનું કરી બેસે છે. કેટલીક વાર માતાપિતા ઠપકો આપે તો બાળકો આત્મહત્યા સુધીનું પગલું ભરી લેતા હોય છે. તો કેટલાક બાળકો ઘરે જાણ કર્યા વગર ઘરેથી ભાગી જાય છે અરવલ્લી જીલ્લાના ધનસુરા પંથકમાં ધો.૧૦માં અભ્યાસ કરતી સગીરાને ઘરકામ અંગે માતા-પિતાએ ઠપકો આપતા રાત્રીના સુમારે ઘરથી નીકળી ધનસુરા બસસ્ટેન્ડમાં બેસી રડતી હોવાનો ૧૮૧ અભયમ ટીમને મેસેજ મળતા તાબડતોડ ધનસુરા બસ સ્ટેન્ડ પહોંચી સગીરાનું કાઉન્સલીંગ કરી પરિવારને સુપ્રત કરી હતી. અરવલ્લી ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમના ચેતનાબેન ચૌધરીને ધનસુરા બસ સ્ટેન્ડમાંથી રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે ફોન દ્વારા એક સગીરા બેસી રહી રડતી હોવાનો ફોન આવતા તાબડતોડ ધનસુરા પહોંચી સગીરાની પૂછપરછ કરતા ધો.૧૦માં અભ્યાસ કરતી હોવાનું અને ઘરકામ અંગે માતા-પિતાએ ઠપકો આપતા સહન નહીં થતા ઘર છોડી નીકળી ગઈ હોવાનું અને ઘરે પરત ન જવું હોવાની જીદ કરતા અભયમની ટીમે સગીરાનું કાઉન્સલીંગ કરતા આખરે સગીરાએ તેના માતા-પિતાનું નામ અને સરનામું જણાવતા તેમનો સંપર્ક કરી પરિવાર સાથે મિલન કરાવતા ઘર છોડી નીકળી ગયેલી દીકરી મળી આવતા રડતા પરિવારની આંખોમાં હર્ષના આંસુ સરી પડ્યા હતા




સગીરાના માતા-પિતાએ ૧૮૧ અભયમ ટિમનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે સામાન્ય ઠપકો આપતા તેમની દીકરી રાત્રીના સુમારે ઘરથી નીકળી ગઈ હતી આજુબાજુ શોધખોળ હાથધરી હોવા છતાં ક્યાંય ન મળતા દીકરી સાથે અઘટિત ઘટનાનો ભોગ ન બને કે આત્મહત્યાતો નહીં કરે સહીતની ચિંતામાં રડતા રહ્યા હતા ત્યારે અભયમ માંથી પુત્રી સહી સલામત હોવાનો ફોન આવતા જીવમાં જીવ આવ્યો હતો અને પરિવારને પુત્રી મળી જતા હાશકારો અનુભવ્યો હતો

૪ વર્ષ પછી ફરીથી શિક્ષકની બદલીનો મામલો ગરમાયો

# રોડા(રાયસીંગપુરા) પ્રા.શાળાના શિક્ષકની બદલી નહીં થાય તો તાળાબંધીની ચીમકી

**જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ શિક્ષકની બદલી કરવા માંગ**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૫

હિંમતનગર તાલુકાના રોડા(રાયસીંગપુરા) પ્રા.શાળાના શિક્ષકના મનસ્વી વર્તન સામે ગ્રામજનોએ રોષ ઠાલવી ફરીથી બદલી કરવા માટે માંગ કરી છે. જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ શિક્ષકની જો બદલી કરવામાં નહીં આવે તો શાળાને તાળાબંધી કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવતાં હલચલ મચી છે. ૪ વર્ષ અગાઉ ગ્રામજનોએ શિક્ષકની બદલી કરવાનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો પરંતુ જે તે સમયે વાત થાળે પડી ગઈ પરંતુ ફરીથી શિક્ષક બાળકોને હેરાન કરતા હોવાના ગંભીર આક્ષેપો સાથે બદલીનો મામલો ગરમાવ્યો છે.

સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોએ શિક્ષણ આપવા ઉપરાંત બાળકો સાથે ધનિષ્ઠ આત્મિયતા કેળવી હોવાના કારણે અનેક શિક્ષકો વિદ્યાર્થીઓના પ્રિતીપાત્ર બની રહ્યા છે ત્યારે હિંમતનગર તાલુકાના રોડા(રાયસીંગપુરા) પ્રા.શાળામાં ફરજ બજાવનાર એક શિક્ષક સામે ૪ વર્ષ અગાઉ ગ્રામજનોએ રોષ વ્યક્ત કરી તાત્કાલિક બદલી કરવા માટે જંગ છેડ્યો હતો. શિક્ષકની બદલીનો મુદ્દો ગરમાતાં જે તે સમયે શિક્ષણ વિભાગ દ્વારા યેનકેન પ્રકારે પ્રકરણ ઉપર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું હતું પરંતુ હવે ફરીથી શિક્ષક દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને હેરાન કરવામાં આવતા હોવાના આક્ષેપો સાથે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ શિક્ષકની બદલી કરવા માટે ફરી માંગ થઈ છે. જો તંત્ર દ્વારા બદલી કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ગ્રામજનો રોડા(રાયસીંગપુરા) પ્રા.શાળાને તાળાબંધી કરશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

### શિક્ષકની બદલી માટે અરજી મળી છે - જિલ્લા વિકાસ અધિકારી

સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી દિપેન શાહે જણાવ્યું હતું કે રોડા(રાયસીંગપુરા) પ્રા.શાળાના શિક્ષકની બદલી માટે ગ્રામજનો તરફથી અરજી મળી છે જેમાં તપાસ કર્યા પછી શિક્ષક કસૂરવાર જણાશે તો પગલાં ભરવામાં આવશે.

# અરવલ્લી : કોલેજીયન યુવકને ૫૦ હજારનું બંડલ બતાવી સોનાની ચેઈન કાઢી લેનાર સલાટ ગેંગના સાગરીતને પોલીસે ઝડપ્યો

મોડાસા, તા. ૨૫

મોડાસા શહેરની એન્જીનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા કરતા યુવકને ડીપ વિસ્તારમાં બે ગઠીયા ભટકાઈ ગયા હતા યુવકને વાતચીતમાં પરોવી વિશ્વાસ કેળવી ૫૦ હજાર રૂપિયાનું બંડલ બતાવી તેને પહેરીલી સોનાની ચેઈન ચેઈન કાઢી લીધી હતી યુવકે ૫૦ હજારનું બંડલ ખોલતા ઉપર નીચે અસલી પાંચસોની નોટ અને વચ્ચે કાગળ જોઈ ચોંકી ઉઠ્યો હતો બે ઠગની વાતોની લાલચમાં આવી ૪૩ હજારની સોનાની ચેઈન ગુમાવતા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં સલાટ ગેંગના સાગરીતને દબોચી લઇ ચેઈન રીકવર કરી હતી. મોડાસા ટાઉન પીઆઈ ડી.કે.વાઘેલા અને તેમની ટીમે મોડાસા ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા અને ગુરુકુલ સોસાયટીમાં રહેતા ઉચીત ધનેશ્વર લાલ યાદવને ડીપ વિસ્તારમાં બે ગઠીયા ઉદેપુર જવાનો રસ્તો બતાવવાનું કહી ૫૦ હજારનું બંડલ બતાવી સોનાની ચેઈન પડાવી રફુચક્કર થઈ જતા બંને ઠગને ઝડપી પાડવા સીસીટીવી કેમેરા રેકોર્ડિંગ અને બાતમીદારો સક્રિય કરતા સલાટ ગેંગનું કારસ્તાન હોવાની બાતમી મળતા ટાઉન પોલીસ સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં તપાસ હાથધરી ગુન્હામાં સંડોવાયેલ અજય ઉર્ફે જગ્ગુ ગણેશ પંચાલ (સલાટ)ને દબોચી લઇ ઈજનેરી કોલેજીયનની ૪૩ હજારની સોનાની ચેઈન રિકવર કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ આ ગુન્હામાં સંડોવાયેલ અન્ય આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા મોડાસા ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

